# ગુરુમાઈ ચિદ્વિલાસાનંદના જન્મદિવસ ૨૦૧૯ના સન્માનમાં
# વિશ્વશાંતિ માટે પ્રાર્થના અને મંગલકામના

શ્રીગુરુમાઈની ઇચ્છા છે કે તેમના જન્મદિવસના અવસર પર આપણે બધાં વિશ્વશાંતિ માટે પ્રાર્થના અને મંગલકામના અર્પિત કરીએ.

ગુરુમાઈજીએ આપણને પ્રકાશના ત્રણ સ્વરૂપ વિશે શીખવ્યું છે : સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ. અગ્નિના માધ્યમ દ્વારા પૃથ્વીનો અંતરિક્ષ સાથે સંપર્ક સ્થાપિત થાય છે.

ગુરુમાઈજીએ આપણને એ પણ શીખવ્યું છે કે આપણે અગ્નિની સમક્ષ આદર, શ્રદ્ધા અને ભક્તિ સાથે કઈ રીતે જવું જોઈએ. જ્યારે આપણે અગ્નિની પૂજા કરીએ છીએ, ત્યારે આપણે પ્રકાશનાં ત્રણેય સ્વરૂપને આપણી પ્રાર્થનાઓ અર્પિત કરીએ છીએ. આપણે આ બ્રહ્માંડના પ્રકાશનું, હૃદયના પ્રકાશનું સન્માન કરીએ છીએ. અને જ્યારે અગ્નિથી ઉત્પન્ન થતો ધુમાડો આપણી પ્રાર્થનાઓને સ્વર્ગ સુધી લઈ જાય છે, ત્યારે આપણી પ્રાર્થનાઓ સાંભળી લેવામાં આવે છે.

આપણે જે પ્રાર્થના અને મંગલકામના અર્પિત કરવાના છીએ, તેને શ્રીગુરુમાઈએ પસંદ કરી છે અને તે વેદો અને ઉપનિષદોમાંથી લેવામાં આવી છે.

શ્રીગુરુમાઈ કહે છે, ‘‘કૃપાનો પ્રકાશ, શાંતિના પ્રકાશનું અનુસરણ કરે છે. શાંતિનો પ્રકાશ, કૃપાના પ્રકાશનું અનુસરણ કરે છે.’’

ૐ.

હે ઈશ્વર, અમે અસત્યથી સત્ય તરફ જઈએ.
અમે અજ્ઞાનના અંધકારથી જ્ઞાનના પ્રકાશ તરફ વધીએ.
અમે મૃત્યુથી અમરત્વ તરફ,
ક્ષણભંગુરતાથી શાશ્વતતા તરફ વધીએ.

ૐ.

દિવ્ય આકાશમાં શાંતિ ઝગમગે.
અંતરિક્ષમાં એટલે કે સ્વર્ગ તથા પૃથ્વીની વચ્ચેના સ્થાનમાં શાંતિ ચમકે.
પૃથ્વી પર સર્વત્ર તથા તેના જળાશયોમાં શાંતિનો પ્રકાશ વ્યાપ્ત થાઓ.
બધાં છોડ અને વૃક્ષોમાંથી
બધાં ફળો અને ફૂલોમાંથી
બધી આરોગ્યદાયી વનસ્પતિઓ અને બધાં પોષણકારી અન્નમાંથી શાંતિ પ્રસરિત થાઓ.

જેમાં ચિતિ પ્રવાહિત થઈ રહી છે,
એવા આ અનંત બ્રહ્માંડનું સંચાલન કરનારા
સમસ્ત દિવ્યાત્માઓને,
સમસ્ત દેવી-દેવતાઓને શાંતિ પ્રાપ્ત થાઓ.
અને પરબ્રહ્મ શાંતિમાં નિવાસ કરે.

સર્વ સ્થાનોમાં,
સર્વ કાળમાં,
સર્વ મનુષ્યોમાં,
અને આ સમસ્ત ચરાચર જગતમાં
શાંતિ રહે.

માત્ર શાંતિ જ શાંતિ રહે,
અંતરમાં શાંતિ
અને બહાર પણ શાંતિ.
અન્ય કંઈ નહીં
માત્ર શાંતિ રહે.

શાંતિ સદૈવ વધતી રહે —
એ સદૈવ ચમકતી રહે —
આપણા જીવનમાં અને આપણા સંસારમાં.

ૐ. શાંતિ:. સમસ્ત શારીરિક અને માનસિક દુ:ખોથી નિવૃત્તિ થાય.

ૐ. શાંતિ:. તત્ત્વો, પ્રકૃતિ, આ ભૌતિક જગત અને તેમાં વાસ કરનારાં પ્રાણીઓથી ઉત્પન્ન થનારા બધાં દુ:ખોથી નિવૃત્તિ થાય.

ૐ. શાંતિ:. દેવી-દેવતાઓ, પારલૌકિક આત્માઓ અને અન્ય આત્માઓથી ઉત્પન્ન થનારા બધાં દુ:ખોથી નિવૃત્તિ થાય.

---

આ પ્રાર્થનાઓ આ ગ્રંથોમાંથી ઉદ્ધૃત છે :

બૃહદારણ્યોકપનિષદ ૧.૩.૨૮. અંગ્રેજી ભાષાંતર : © ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન દ્વારા.

યજુર્વેદ ૩૬.૧૭. અંગ્રેજી ભાષાંતર : © ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન દ્વારા.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.